# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-08-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM BHARUCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વદેશી વસ્તુના આગ્રહને આત્મનિર્ભરતા તરફનો સાચો માર્ગ ગણાવ્યો છે. આજે ભરૂચના અંકલેશ્વરમાં 637 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરતાં શ્રી પટેલે જણાવ્યુ હતું કે કોરોના સામે રક્ષણ આપતી રસી પણ અંકલેશ્વરમાં બની છે. તેમણે ઉમેર્યું કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ગુજરાતમાં GSTની આવકમાં 15 ટકાનો વધારો થયો છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

શ્રી પટેલે આજે કોસમડી ગામ ખાતે તાલુકાકક્ષાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું પણ લોકાર્પણ કર્યું હતું. અગાઉ શ્રી પટેલે જિલ્લામાં આવેલા સ્થંભેશ્વર મંદિર ખાતે પ્રાચીન શિવલીંગના દર્શન કર્યા અને ત્યાર બાદ જંબુસર ખાતે 2 હજાર એકર વિસ્તારમાં નિર્માણાધિન ભારતના સૌથી મોટા બલ્ક ડ્રગ પાર્કની પણ મુલાકાત લીધી.

. . . . . . . . . . .

# JAN SURAKSHA SANTRUPTI ABHIYAN

પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ ગુજરાતમાં અત્યાર સુધી વિક્રમજનક 1 કરોડ 94 લાખથી વધુ બેન્ક ખાતા ઝીરો બેલેન્સથી ખોલાયા છે.

ગુજરાત સહિત દેશભરમાં જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે આ અભિયાનમાં  કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન ધન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તેમજ અટલ પેન્શન યોજના અંતર્ગત બેન્કિંગ, વીમા અને પેન્શન યોજનાઓની સુવિધા ઘર આંગણે ઉપલબ્ધ કરી નાગરિકોને સલામતી પૂરી પાડવામાં આવી રહી છે. તો હવે નાગરિકોને પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ ખાતું ખોલાવવા રાજ્યની 14 હજાર 610 ગ્રામ પંચાયતના VCE મદદરૂપ થશે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ ખાતું ખોલાવનાર નાગરિકને બેંકને લગતા અન્ય લાભો પણ આપવામાં આવે છે.

. . . . . . . . . . .

# KHEDA POST SERVICE

ખેડા ટપાલ ડિવિઝનની 376 પોસ્ટ ઓફિસમાંથી ઈન્ટરનેશનલ ટ્રેકેડ પેકેટ સર્વિસથી 46 દેશોમાં ઓછામાં ખર્ચે રાખડી મોકલી શકાશે. રાખડીની સાથે મીઠાઈ, ગીફ્ટ 50 ગ્રામથી 2 કિલોગ્રામના વજન સુધી મોકલી શકાશે.  આગામી રક્ષાબંધન પર્વ પર ટપાલ વિભાગે પોતાની સેવાઓને વધુ ઝડપી અને અસરકારક બનાવવા આ પગલું ભર્યું છે. ત્યારે ખેડા ડિવિઝનમા આવતી ટપાલ કચેરીઓ ખાતે આ પર્વને લઇને ખાસ આયોજન કરાયું હોવાનું ખેડા ટપાલ વિભાગના નાયબ અધિક્ષક કે એમ ચૌહાણે જણાવ્યુ હતું.

(બાઇટ : કે એમ ચૌહાણ, નાયબ અધિક્ષક)

. . . . . . . . . . .

# GUJARAT RAIN

વરસાદનું જોર ઘટના આજે રાજ્યના 44 તાલુકામાં વરસાદ નોંધાયો છે. બીજી તરફ મોસમનો સરેરાશ 63 ટકાથી વધુ વરસાદ નોંધાઇ ગયો છે. અત્યાર સુધી પડેલા વરસાદને પગલે રાજ્યના 51 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 23 જળાશય એલર્ટ પર છ. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની આવક વધી છે ત્યારે નર્મદા નહેર બેરેજ થકી પાણી છોડવાને પગલે નદીના કાંઠે આવતા ગામોને એલર્ટ અપાયું છે.

મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાંથી પસાર થતી રૂપેણ અને પુષ્પાવતી નદીમાં પણ નર્મદાનું પાણી છોડવાની શકયતાને પગલે નદી કાંઠાના 15 ગામોના લોકોને નદીના પટમાં નહીં જવા સૂચના આપવામાં આવી છે.

. . . . . . . . . . .

# MONSOON FESTIVAL - SAPUTARA

ગિરિમથક સાપુતારામાં વરસાદી માહોલ અને મોન્સૂન ફેસ્ટિવલ વચ્ચે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થતાં સ્થાનિક વેપારમાં તેજી આવી છે.

ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત મોન્સૂન ફેસ્ટિવલને કારણે સાપુતારા તેમજ આસપાસના વિસ્તારમાં આવેલ તમામ હોટલ, રિસોર્ટ, ટેન્ટ સિટી પ્રવાસીઓથી ભરાઈ જતાં સ્થાનિક અર્થતંત્રને નવજીવન મળ્યું છે. ડાંગના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, ડાંગી સંસ્કૃતિને માણવા આવતા પ્રવાસીઓએ સાપુતારા મહાલ, પંપા સરોવર તેમજ સુબીર શબરીધામની પણ મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . .

# GHOGHLA - ACCIDENT

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા કોલોની ખાતે રિક્ષા અને ફોર વ્હીલર ગાડી વચ્ચે અકસ્માત થતાં 8 લોકો ઘાયલ થયા હતા.રિક્ષામાં સવાર નાના બાળક સહિત અન્ય લોકોને ઇજા પહોચતા ઉના ની હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા.

. . . . . . . . . . .